તારીખ : 18/03/2026

# કે.ડી. NEWS

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

UDDAN WELFARE FOUNDATION

## ધ ઉડ્ડાન વેલફેર ફાઉન્ડેશન

ટ્રસ્ટ રજી. નં.ઈ./૨૫૩૨/૨૦૨૩ અમરેલી

## સંચાલિત

# પ્રભુ નો પ્રસાદ

## દ્વારા

# વિનામુલ્યે પાણીના કુંડા



આ ઉનાળામાં કાળઝાળ ગરમીની શરૂઆત થઈ ગઈ છે. અમારા ફાઉન્ડેશન દ્વારા આગામી ૩(ત્રણ) દિવસ તારીખ ૧૯-૨૦-૨૧ માર્ચ સુધી વિનામુલ્યે આપના ઘર સુધી પક્ષી માટે આપના એક ફોનથી અમારા દ્વારા પાણીના કુંડા વિનામુલ્યે મોકલવવામા આવશે...

## કુંડા મેળવવા માટે સંપર્ક..

**ગીરીશભાઈ મિસ્ત્રી : ૯૯૨૫૨ ૬૪૩૫૪**

**હિરેનગીરી ગોસાઈ : ૯૯૦૯૩ ૩૪૪૬૫**

**અરવિંદ મેવાડા/ કલ્પેશભાઈ પટેલ/નિતીન હેલૈયા**

ધ ઉડ્ડાન વેલફેર ફાઉન્ડેશન - સાવરકુંડલા

નોંધ : આપ વોટસઅપ દ્વારા પણ ઉપરના નંબરો ઉપર આપનું એડ્રેસ મોકલી શકો છો.

તારીખ : 18/03/2026

# આવતીકાલથી ચૈત્રી નવરાત્રી નો પ્રારંભ..




દર વર્ષે, ચૈત્ર નવરાત્રી ચૈત્ર મહિનાની એકમ તિથિ (શુભ પખવાડિયા) ના રોજ શરૂ થાય છે. આ વખતે ફક્ત ઋતુ પરિવર્તન જ નહીં, પણ ધાર્મિક દ્રષ્ટિકોણથી પણ ખૂબ જ મહત્વપૂર્ણ માનવામાં આવે છે. આ વર્ષે નવરાત્રિ 19 માર્ચે શરૂ થશે. હિન્દુ કેલેન્ડર મુજબ, ચૈત્ર મહિનાના શુક્લ પક્ષની એકમ તિથિથી 19 માર્ચે સવારે 6:52 વાગ્યે શરૂ થાય છે. તેથી ચૈત્ર નવરાત્રિ 19 માર્ચથી શરૂ થશે અને 27 માર્ચે પૂર્ણ થશે કળશ સ્થાપન મુહૂર્ત કળશ સ્થાપન માટેનો પહેલો શુભ સમય સવારે 6:52 થી 7:43 સુધીનો રહેશે. બીજો શુભ સમય, અભિજીત મુહૂર્ત, બપોરે 12:05 થી 12:53 સુધીનો રહેશે. નવરાત્રિમાં મંત્રજાપ અચૂક કરવા જોઈએ જો આ દિવસોમાં આપ મંત્રજાપનું અનુષ્ટાન કરો તો તે ખૂબ અસરકાર માનવામાં આવે છે. પરંતુ જો આપ અનુષ્ટાન ન કરી શકો તો એક અથવા 2 માળાનો નિયમ પણ લઈ શકો છો. કારણ કે આ નવરાત્રિના સમયમાં મંત્રજાપ અનુષ્ઠાનનું વિશેષ મહત્વ છે. કહેવાય છે કે, આ નવરાત્રિના પર્વમાં કરેલી સાધના સાધકને શીઘ્ર ફળ આપે છે. તો આપ અવસરનો લાભ લેવા માતાજીના મંત્રોના જાપ કરી શકો છો. આપ ચામુંડાના મંત્રોજાપ પણ કરી શકો છો.ચામુંડા માતાજીનો મંત્ર"

"।ચૈત્ર નવરાત્રિનું મહત્વઆ વર્ષે ચૈત્ર નવરાત્રી ગુરુવારથી શરૂ થાય છે. જ્યોતિષ શાસ્ત્ર અનુસાર, જ્યારે નવરાત્રી ગુરુવાર કે શુક્રવારે શરૂ થાય છે, ત્યારે દેવી પાલખી પર આવે છે તેવું માનવામાં આવે છે. આ વર્ષે ભક્તિ અને આધ્યાત્મિક શક્તિમાં વધારો દર્શાવે છે.

નવ દિવસના આ ઉત્સવ દરમિયાન, માતા દેવીના નવ અલગ અલગ સ્વરૂપોની પૂજા કરવામાં આવશે. તો ચાલો ચૈત્રી નવરાત્રીમાં માતાજીના ગુણગાન ગાઈએ બધાની સુખાકારી માટે પ્રાર્થના કરીએ.

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 18/03/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

## વિહોત ઈન્ડસ્ટ્રીયલ પાર્ક-1 નું 100% બુકીંગની સફળતા પછી નવી સફળતાની ઉંચાઈઓ સર કરવા જઈ રહ્યું છે...


### સાવરકુંડલાની તદ્દન નજીક ભુવા રોડ ઉપર જ્યાં ઈન્ડસ્ટ્રીઓ કાર્યરત છે તેવા ભરચક તેમજ રોડ ટચ એરીયામાં

# વિહોત ઈન્ડસ્ટ્રીયલ પાર્ક-2 નુ બુકીંગ શરૂ

## સુવિધાઓ

* સોનાની લગડી જેવા 31 પ્લોટ એ પણ બધાને પોસાય તેવી કિંમતમાં
* લાઈટ કનેકશનની વ્યવસ્થા
* ગટરલાઈનની વ્યવસ્થા
* આખા પ્લોટને ફરતી બાઉન્ડ્રી
* સાર્વજનિક પ્લોટની વ્યવસ્થા
* પાણીનો કોમન દાર તેમજ ઘણુ બધું...

વિહોત ઈન્ડસ્ટ્રીયલ પાર્ક નંબર – ૨




**સાઈટ એડ્રેસ**
ભુવા રોડ, વિહોત ટ્રેડર્સના અને સત્યમ ઈન્ડસ્ટ્રીઝની વચ્ચે, સાવરકુંડલા

**દલાલભાઈઓ આવકાર્ય**


### જ્યાં સફળતા ડબલ હોય અને તક પણ ડબલ હોય તેવી જગ્યા......

### આજે જ બુકીંગ માટે સંપર્ક કરો...

| અશોકભાઈ બી. ટાંક | કમલેશભાઈ એ. ટાંક | દિનેશભાઈ ભાલાળા |
|---|---|---|
| મો. 98245 12044 | મો. 94290 75585 | મો. 98983 03620 |

તારીખ : 18/03/2026

# મારી કથા શૈલી પાછળ પાંચ "પ" છે - મોરારીબાપુ








બગસરામાં ચાલી રહેલી "માનસ મેઘાણી" કથાએ સમગ્ર કાઠિયાવાડમાં નવતર ચેતનાનો સંચાર કર્યો છે. સૌરાષ્ટ્રના ગામેગામથી શ્રોતાઓ ઉમટયા છે. ગુજરાતી સાહિત્ય સાથે સંકળાયેલ કવિઓ, લેખકો, લોક ગાયકો, ભજનીકો, સાધુ સંતો, રાજકીય ક્ષેત્રના અગ્રણીઓ અને પત્રકારો સહિતના અનેક મહાનુભાવો કથા શ્રવણ માટે આવી રહ્યા છે.કથાના આજના સાતમા દિવસની કથામાં બાપુએ જણાવ્યું કે એમની કથા પાછળ પાંચ 'પ' રહેલા છે. એક તો પાટ. પાટ એટલે વ્યાસપીઠ. ગ્રામ્ય ભાષામાં પહેલાના કથાકારો માટે પાટ મંડાતી, એ પાટ પર બેસીને કથાકારો હરિ ગુણ ગાતા.બીજો'પ' છે પાટલો. પાટ પર પાટલો મૂકાય છે. આ પાટલા પર સફેદ કે ભગવું વસ્ત્ર પાથરીને એના પર પોથી મૂકાય છે. બાપુએ કહ્યું કે પોતાની રામકથાનો ત્રીજો આધાર છે પોથી. અને પોથી ઉપર મૂકાયેલું કાળા રંગનું પાટિયું એ કથાનો ચોથો આધાર છે. એને ઉંચુ કરીએ 'ને અંદરથી પછી જે પ્રકટે એ પ્રવચન રૂપે વ્યકત થાય. આમ, પાંચમો 'પ' છે પ્રવચન. અને આ પાંચે' પ' ની પાછળ પરમાત્માની કૃપા, પરમ પુરુષ સદ્ગુરુની પ્રેરણા અને પરમ ગ્રંથ રામચરિત માનસનો પાઠ પ્રેરક બળ તરીકે કથા પ્રવાહને વહેતો રાખે છે.બાપુએ કહ્યું કે મેઘાણીભાઈ પાસે શબ્દ છે. એના શબ્દની તાકાતે સુતેલાની સોડ્યું તાણી છે.

મડદાંને બોલતા કર્યા છે. એ શબ્દ એવો છે, જે આપણને સ્પર્શ કરે છે. સિંધુડાના શબ્દનો એવો સ્પર્શ થયો કે અંગ્રેજ સલ્તનતે એની ઉપર પ્રતિબંધ મૂકવો પડ્યો. પણ છતાં ય લોકોને મેઘાણીના શબ્દો એવા સ્પર્શ્યા કે સમાજમાં જાગૃતિ આવી ગઈ.મેઘાણીભાઈ પાસે શબ્દ છે, એ શબ્દનો સ્પર્શ છે અને રસ પણ છે. મેઘાણીએ રચેલી લોકપ્રિય કૃતિનું નામ જ "રસધાર" છે. સૌરાષ્ટ્રની રસધાર અને મેઘાણીના સમગ્ર સાહિત્યમાં સાહિત્યના નવે રસ છલકે છે. મેઘાણીની રચનાઓમાં વીર રસ, કરુણ રસ, હાસ્ય રસ વગેરે તમામ રસોનો આસ્વાદ પામી શકાય છે. અને અંતે શાંત રસનો અનુભવ થાય છે.મેઘાણીની રચનાઓમાં શબ્દ, સ્પર્શ અને રસની સાથે રૂપ પણ છે. મેઘાણીના એક એક પાત્ર જીવંત રૂપ ધરીને વાચકને પકડે છે.

"કરિયાવર" વાર્તાનું વર્ણન કરતા બાપુએ દિકરી હિરબાઈના પાત્રને જીવંત કરી બતાવ્યું. કથાના ક્રમમાં પૂજ્ય બાપુએ પોતાની રસભરી મધુર વાણીથી શિવ વિવાહના પ્રસંગનું હાસ્ય પ્રધાન સાથે બોધપ્રદ વર્ણન કરીને શ્રોતાઓને ભાવ વિભોર બનાવી, હરિ નામનાં સંકીર્તન સાથે આજની કથામાં પોતાની વાણીને વિરામ આપ્યો.

-મનોજ જોશી (મહુવા)

તારીખ : 18/03/2026

# આગામી ચાર દિવસ અમરેલી જિલ્લામાં વરસાદ ની આગાહી



ગુજરાતમાં આગામી કેટલાક દિવસો દરમિયાન હવામાનમાં ફેરફાર જોવા મળી શકે છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર રાજ્યમાં અપર એર સાયક્લોનિક સર્ક્યુલેશન સક્રિય બન્યું છે. જેના કારણે 18 થી 20 માર્ચ દરમિયાન અનેક વિસ્તારોમાં કમોસમી વરસાદ પડવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે. આ સમયગાળા દરમિયાન કેટલાક વિસ્તારોમાં ગાજવીજ અને ભારે પવન સાથે વરસાદ પણ પડી શકે છે.હવામાન વિભાગના અનુમાન મુજબ 18 માર્ચના રોજ ઉત્તર ગુજરાત અને કચ્છ વિસ્તારમાં હવામાન બદલાઈ શકે છે. ખાસ કરીને બનાસકાંઠા, પાટણ, સાબરકાંઠા, જામનગર, મોરબી અને કચ્છ જિલ્લામાં ગાજવીજ અને પવન સાથે કમોસમી વરસાદ પડવાની આગાહી કરવામાં આવી છે. અચાનક બદલાતા હવામાનને કારણે ખેડૂતોને ખાસ સાવચેતી રાખવા સૂચના આપવામાં આવી છે.19 માર્ચના રોજ રાજ્યના વધુ વિસ્તારોમાં વરસાદની અસર જોવા મળી શકે છે. બનાસકાંઠા, પાટણ, પંચમહાલ, ભરૂચ, સુરત, ડાંગ, તાપી, નવસારી, વલસાડ, દમણ અને દાદરા-નગર હવેલી સહિત દક્ષિણ ગુજરાતના વિસ્તારોમાં ગાજવીજ સાથે વરસાદ પડી શકે છે. ઉપરાંત સૌરાષ્ટ્રના સુરેન્દ્રનગર, રાજકોટ, જામનગર, પોરબંદર, જૂનાગઢ, અમરેલી, ભાવનગર, મોરબી, દ્વારકા, ગીર સોમનાથ અને બોટાદ જિલ્લામાં પણ ભારે પવન અને વીજળી સાથે કમોસમી વરસાદની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે.તે સિવાય 20 માર્ચના રોજ ઉત્તર અને મધ્ય ગુજરાતના કેટલાક વિસ્તારોમાં પણ વરસાદની સંભાવના છે. બનાસકાંઠા, સાબરકાંઠા, અરવલ્લી, દાહોદ, મહીસાગર અને કચ્છ જિલ્લામાં છૂટાછવાયા સ્થળોએ કમોસમી વરસાદ પડી શકે છે. હવામાન વિભાગે જણાવ્યું છે કે આ દરમિયાન પવનની ઝડપ પણ વધી શકે છે.

નો નેગેટીવ ન્યુઝ
કે.ડી. NEWS
તારીખ : 18/03/2026
SINCE 1923 KD NEWS PAPER
Join us on :
કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...


# શ્રી નિર્દોષાનંદજી કાઠીયાવાડી ડાઈનીંગ હોલ

## નાસ્તા : થેપલા * દહીં સુકીભાજી * ભાખરી

## ગુજરાતી થાળી (રૂા. ૧૦૦)

3 શાક, રોટલી, દાળ, ભાત, છાશ, પાપડ, સંભારો, ચુરમા લાડવા

પંજાબી

કાઠીયાવાડી

ચાઈનીઝ

ઉર્વશી કોમ્પ્લેક્ષ, નવા બસ સ્ટેન્ડ સામે, મહુવારોડ, સાવરકુંડલા.

મો. 63512 29489

તારીખ : 18/03/2026

# ગુજરાત વિધાનસભાને બોમ્બથી ઉડાવવાની ધમકી




18 માર્ચ 2026 બુધવાર ના રોજ સવારે 8:30 થી 9 દરમિયાન એવા સમાચાર સામે આવ્યા હતા જેમાં ગુજરાતમાં વહેલી સવારે મોટી સુરક્ષા ચિંતા ઉભી થઈ છે જ્યારે વિધાનસભાને ઈમેઈલ મારફતે બોમ્બથી ઉડાવી દેવાની ધમકી મળી હતી. વધુ મળતી માહિતી મુજબ સવારે 9 વાગ્યે વિધાનસભાની બેઠક શરૂ થવાની હતી, પરંતુ ધમકી મળતા જ તાત્કાલિક કાર્યવાહી હાથ ધરવામાં આવી. તમામ ધારાસભ્યોને સુરક્ષાને ધ્યાનમાં રાખીને વિધાનસભા ભવનમાંથી બહાર કાઢવામાં આવ્યા હતા. સુરક્ષા એજન્સીઓએ પરિસ્થિતિને ગંભીરતાથી લઈને સમગ્ર વિસ્તારને કોર્ડન કરી દીધો હતો. આ ઘટના બાદ રાજ્યના રાજકીય વર્તુળોમાં ચિંતાનો માહોલ જોવા મળ્યો હતો. આ ઘટનાની ગંભીરતાને લઈ પોલીસ સ્ટાફ અને સુરક્ષા એજન્સીઓએ તપાસનો ધમધમાટ શરૂ કરી દીધો હતો.

તારીખ : 18/03/2026

# અમરેલી જિલ્લા પંચાયતના વહીવટદાર તરીકે ચાર્જ સંભાળતા કલેક્ટર



અમરેલી જિલ્લા પંચાયતની નિયત સમય મર્યાદાની મુદત પૂર્ણ થતા રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવેલા હુકમ અન્વયે અમરેલી જિલ્લા પંચાયતના વહીવટદાર તરીકે કલેક્ટર અમરેલીની નિમણૂક કરવામાં આવી છે. આ નિમણૂકનો હુકમ થતા મંગળવારે તા.17 માર્ચના રોજ જિલ્લા કલેક્ટર વિકલ્પ ભારદ્વાજે અમરેલી જિલ્લા પંચાયતના વહીવટદાર તરીકે વિધિવત ચાર્જ સંભાળ્યો હતો.

રાજ્ય સરકાર દ્વારા ગુજરાતપંચાયત અધિનિયમ અન્વયે પંચાયત અધિનિયમની અનુસાર મુદત પૂર્ણ થનારા જિલ્લા તથા તાલુકા પંચાયતોમાં ચૂંટણીઓ પૂર્ણ થાય અને બેઠક મળે નહી ત્યા સુધી વહીવટદારની નિમણૂક કરવામાં આવી છે. જે અનુસાર અમરેલી જિલ્લા પંચાયતમાં વહીવટદાર તરીકે અમરેલી જિલ્લા કલેક્ટર વિકલ્પ ભારદ્વાજની નિમણૂક કરવામાં આવી છે.આ નિમણૂક થયા બાદ કલેકટરશ્રી વિકલ્પ ભારદ્વાજે અમરેલી જિલ્લા પંચાયતના વહીવટદાર તરીકેનો ચાર્જ સંભાળી લીધો હતો.

આ પ્રસંગે જિલ્લા વિકાસ અધિકારી પરીમલ પંડ્યા, નાયબ જિલ્લા વિકાસ અધિકારી અર્પણ ચાવડા ઉપસ્થિત રહ્યા હતા.

કે.ડી. NEWS
તારીખ : 18/03/2026
SINCE 1923 KD NEWS PAPER
નો નેગેટીવ ન્યુઝ
Join us on :
કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...





# શામ સવેરા કોફતા

કલ્યાણ કોમ્પ્લેક્ષ, કલ્યાણેશ્વર મહાદેવ મંદિરની સામે, મહુવા રોડ, સાવરકુંડલા.
99041 41874 / 70961 31005

Aavkar Restaurant & Banquet Hall

તારીખ : 18/03/2026

# મુખ્યમંત્રી 21 માર્ચે અમરેલીમાં, 700 કરોડના વિકાસકાર્યોના ખાતમુહૂર્ત-લોકાર્પણ કરશે..



ગુજરાતના મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલ અગાઉ 22 માર્ચે અમરેલી ખાતે આવવાના હતા પરંતુ અનિવાર્ય સંજોગોના કારણે 21 માર્ચ 2026 ના રોજ આવશે અને 700 કરોડ રૂપિયાની સોગાત અમરેલીને આપશે.મુખ્યમંત્રી હવે એક દિવસ અગાઉ અમરેલીમાં નવા માર્કેટિંગ યાર્ડ ખાતે આવશે, અમરેલી જિલ્લામાં અંદાજે 700 કરોડ રૂપિયાના વિવિધ વિકાસ કાર્યોના ખાતમુહૂર્ત અને લોકાર્પણ રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ તથા ગુજરાત પ્રદેશ ભાજપ અધ્યક્ષના હસ્તે કરવામાં આવશે.આ પ્રસંગે અમરેલી જિલ્લાના નાગરિકો, ભારતીય જનતા કાર્યકરોને કાર્યક્રમમાં મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેશે.

તારીખ : 18/03/2026

# અમદાવાદ નવરંગપુરા વોર્ડ યુવા મોરચાના ઉપપ્રમુખ તરીકે નિમણૂક થવા બદલ નિરજભાઈ ત્રિવેદીને ખૂબ ખૂબ અભિનંદન...



તારીખ : 18/03/2026

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# જોઇએ છે - 5

બાઇક તથા સ્માર્ટ ફોન હોવો જરૂરી

# એરટેલ પ્રમોટર

## સાવરકુંડલા શહેરમાં તથા તાલુકાના ગામડાઓમાં જઇને MNP કરી શકે તેવા ઉત્સાહી યુવાનોની જરૂર છે.

**પગાર : 15000 થી 30000 રૂપિયા સુધી કમાવવાની તક**

**એરટેલ ઓફીસ :**

શોપ 3, રાધેશ્યામ કોમ્પ્લેક્ષ, મોટા એસ.ટી. ડેપો સામે, મહુવારોડ, સાવરકુંડલા.

મો. 81289 56507/97148 55035/97734 57465

ઇચ્છુક યુવાનોએ રૂબરૂ ઓફીસની મુલાકાત કરવી.

કે.ડી. NEWS

તારીખ : 18/03/2026

# ખાંભા સરકારી હોસ્પિટલમાં સાધનો આર્પણ...



ખાંભા સી.એચ.સી.ખાતે 17 માર્ચ 2026 મંગળવારના રોજ ફિજીયોથેરેપી વિભાગ માંઅમરેલી જિલ્લા પંચાયત સદસ્ય અરવિંદભાઈ ચાવડા દ્વારા સતત રજુવાત / પ્રયત્ન થી ખાંભા સરકારી હોસ્પિટલ માંઅલ્ટ્રા સાઉન્ડ સિસ્ટમ થેરાપીઈન્ટર ફેરેન્સીયલ થેરાપી,T.E.N.S. થેરાપી બેડ સાથે ટ્રેક્શન,થેરાપી સ્નાયુ માટે ના સાધનો તથા સાયકલ સહિત ના અનેક સાધનો ખાંભા ફિજિયોથેરાપી વિભાગ ને દર્દી નારાયણ ની સેવા માટે અર્પણ કરવા માં આવ્યા હતા.

આ તકે અ.જી.પં.સદસ્ય શ્રી અરવિંદભાઈ ચાવડા, ખાંભા તાલુકા ભાજપ પ્રમુખશ્રી આનંદભાઈ ભટ્ટ, તાલુકા પં. ઉપપ્રમુખ શ્રી



હમીરભાઈ ભરવાડ,કર્તવ્ય નિષ્ઠા મેડિકલ ઓફિસર શ્રી પુનિત સા. મહેતા ફીજિયો થેરાપીસ્ટ ડો.નિરાલી બેન, એડવોકેટ રાજુભાઈ હરિયાણી, તાલુકા પંચાયતના સદસ્ય શ્રી કૌશિકભાઈ માલણકીયા, દર્શનભાઈ જોષી,શ્રી ભુવાભાઈ તથા સમગ્ર હોસ્પિટલ સ્ટાફ હાજર રહ્યો હતો.

તારીખ : 18/03/2026

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

## સ્પેશ્યલ ઓફર....સ્પેશ્યલ ઓફર....

કોલેજીયન જેન્ટ્સવેર લાવ્યું છે

તમારા માટે જોરદાર ઓફર...

હેવી ફેબ્રીક, ન્યુ સ્ટાઈલ
કોઇપણ જોડી રૂા. 850
અને રૂા. 950 માં...
અને સાથે આકર્ષક ગીફ્ટ
ફ્રી..ફ્રી..ફ્રી..

ઓફર ફકત તા. 18 માર્ચ થી 22 માર્ચ 2026 સુધી રહેશે.


## કોલેજીયન જેન્ટ્સવેર

મેઈનબજાર, ગાંધીચોક, સાવરકુંડલા.

મો. 76006 90286

tarikh : 18/03/2026

# પ્રમાણિકતાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડતા શ્રી હિંમતભાઈ ઠાકરશીભાઈ કામળિયા



// નિષ્ઠા //

// પ્રમાણિકતા //

:: પ્રમાણપત્ર ::

આથી પ્રમાણપત્ર લખી આપવામાં આવે છે કે, ખાંભા શહેરના જુના બાપ વિસ્તારમાં રહેતા શ્રી હિંમતભાઈ ઠાકરશીભાઈ કામળીયા જેઓ ખાંભાના પોલીસ સ્ટેશન સામે રોયલ વોશીંગ કંપનીના નામની દુકાન ધરાવે છે.

આ નાનકડી દુકાનમાં તેઓ ધોબીનું કામ કરે છે તેને ત્યાં ખાંભા તેમજ આજુબાજુના ગામડાના અસંખ્ય પરિવારો તથા સરકારી કર્મચારીઓના કપડા ઈસ્ત્રી માટે તેમજ ધોલાઈ માટે આવે છે.

આ કાર્ય કરતા કરતા આ દુકાન માલીકને આ ગ્રાહકોના કપડામાંથી અવાર નવાર સોના/ચાંદીની ચીજ વસ્તુઓ તથા રોકડ રકમ તેમજ હીરાના પડીકા વિગરે કપડામાંથી નીકળે તે આ દુકાન માલીક કોઈપણ લોભ,લાલચ રાખ્યા વિના પ્રમાણીકતાનું ઉત્તમ ઉદાહરણ પુરૂ પાડી જે તે માલીકોને સોંપી આપે છે નાના માણસની ઉચ્ચ પ્રામાણીકતાનો સુંદર નમુનો એટલે ખાંભા રોયલ વોશીંગ કંપનીના માલિક હિંમતભાઈ ઠાકરશીભાઈ કામળીયા તેમની આ ઉચ્ચ પ્રમાણીકતા બદલ આ પ્રમાણપત્ર એનાયત કરવામાં આવે છે.

જે વ્યક્તિઓને મોટી ચીજ વસ્તુઓ પરત આપી તેની યાદી નીચે મુજબ છે.

૧. ડો.કિર્તિભાઈ બોરીસાગર– રૂા. ૫૦૦૦/–
૨. જે.એમ.માંજરાવાલા નિવૃત મામલતદાર ખાંભા–રૂા. ૧૦,૦૦૦/–
૩. ભીખુભાઈ ભાયાભાઈ જોગદીયા– રૂા. ૫૦૦૦/–
૪. ભલાભાઈ મેપાભાઈ ગમારા કોન્સ્ટેબલ– રૂા. ૫૦૦/–
૫. હરજીભાઈ શામજીભાઈ વરીયાના રૂા. ૧,૦૦,૦૦૦/– ના હીરા
૬. રાજુભાઈ ગોહીલ મુંબઈ વાળાનો સોનાનો ચેઈન.
૭. શ્રી ચાવડા સાહેબ આર.એફ.ઓ. રૂા.૭૦૦૦/–
૮. શ્રી ટી.ડી.ઓ. સાહેબશ્રી ખાંભા રોજ સાહેબના રૂા. ૧૦૦૦/–
૯. શ્રી પ્રેમજીભાઈ રણછોડભાઈ (માજી.તા.પ.પ્રમુખ) સોનાનો ચેઈન.
૧૦. શ્રી વલ્લભભાઈ દડલી વાળાના રૂા. ૧૩૦૦/–
૧૧. શ્રી ભાવેશભાઈ દડુભાઈ બુધેલા પોલીસ કોન્સ્ટેબલના તા.૧/૯/૨૫ ના રોજ કપડા ધોલાઈ માટે આવેલ ત્યાર પેન્ટના ખીસ્સામાંથી રૂા. ૫૦૦૦/– મળેલ હતા.જે તમામને તેમની રકમ/વસ્તુઓ પરત કરી આપેલ હતી.

પ્રમાણીકતા બદલ ખુબ ખુબ ધન્યવાદ..........ધન્યવાદ............

તા.૨૫/૦૮/૨૦૨૫

મામલતદાર–ખાંભા

મામલતદાર-ખાંભા




અમરેલી જિલ્લા ના ખાંભા તાલુકા માં શ્રી હિંમતભાઈ ઠાકરશીભાઈ કામળિયા છેલ્લા 30 વર્ષ થી પ્રમાણિક રોયલ વોશિંગ કંપની નામની દુકાન ચલાવે છે. તેમને ત્યાં ખાંભા તેમજ આજુબાજુ ના ગામડાના અસંખ્ય પરિવારો તથા સરકારી કર્મચારીઓના કપડાં ઈસ્ત્રી માટે તેમજ વોશિંગ માટે આવતા હોઈ છે. આ કાર્ય કરતા હિંમતભાઈ ને ગ્રાહકોના કપડામાંથી અવાર નવાર સોના ચાંદી ની ચીજવસ્તુઓ તથા રોકડ રકમ તેમજ જરૂરી ડોક્યુમેન્ટ નિકળે તો હિંમતભાઈ દ્વારા કપડાંમાંથી મળેલ કિંમતી ચીજ વસ્તુઓ મૂળ માલિકને પરત આપતા ઈમાનદારીનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું છે.હિંમતભાઈ દ્વારા તેઓના આ સરાહનીય કામગીરી ને ધ્યાન માં લઈને ખાંભા તાલુકા મામલતદારશ્રી દ્વારા પ્રમાણપત્ર આપી હિંમતભાઈ ને સન્માનિત કર્યા હતા.

સ્થાનિક સ્તરે આવા પ્રમાણિક વ્યક્તિઓ સમાજ માટે પ્રેરણારૂપ બનતા હોય છે અને તેમની કામગીરી અન્ય લોકો માટે એક ઉત્તમ ઉદાહરણરૂપ છે.હિંમતભાઈ દ્વારા મોટી ચીજવસ્તુઓ પરત આપી હોય તેની યાદી આ પ્રમાણે છે.

શ્રી જે.એમ. માંજરાવાલા નિવૃત મામલતદાર ૧૦,૦૦૦, શ્રી ભીખુભાઈ જોગદીયા ૫૦૦૦, શ્રી ભલાભાઈ ગમારા કોન્સ્ટેબલ ૫૦૦, શ્રી હરજીભાઈ વરિયા ૧,૦૦,૦૦૦ ના હીરા, શ્રી રાજુભાઈ ગોહિલ સોનાનો ચેઈન, શ્રી ચાવડા સાહેબ આર.એફ.ઓ ૭૦૦૦, શ્રી ટી.ડી.ઓ સાહેબ ખાંભા ૧૦૦૦, શ્રી પ્રેમજીભાઈ માજી.તા.પ.પ્રમુખ સોનાનો ચેઈન, શ્રી વલ્લભભાઈ દડલી વાળા ના ૧૩૦૦, શ્રી ભાવેશભાઈ બુધેલા કોન્સ્ટેબલ ૫૦૦૦ અને ડો.કીર્તિભાઈ બોરીસાગર ના ૫૦૦૦ મળેલ હતા. જે તમામ ને તેમની રકમ/વસ્તુઓ પરત કરી આપેલ હતી.

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 18/03/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...



# ગરમી વધે તે પહેલા ખરીદો...

## સરળ હપ્તે...

## તમામ બ્રાન્ડ અને સૌથી ઓછા ભાવ...




LLOYD · LG Life's Good · MITSUBISHI · DAIKIN · Kelvinator · BLUE STAR · Haier · HITACHI

* કિંમતના ૮ હપ્તા
* કોઈ વ્યાજ નહીં
* ફાઈલ ચાર્જ નહીં
* પેનલ્ટી નહીં
* કોઈ છુપો ચાર્જ નહીં આ ઉપરાંત બજાજ ફાઈનાન્સ તથા કોઈ બેંકના ક્રેડીટ કાર્ડ ઉપર ખરીદી કરી શકો છો.

# એકયુરેટ ઈલેક્ટ્રોનિક્સ & ફર્નિચર મોલ

મહુવા રોડ, હીરો શોરૂમ પાસે, મો. ૭૭૭ ૮૦૦ ૩૩૩૩

કે.ડી. NEWS

તારીખ : 18/03/2026

# સર્વાઈકલ કેન્સર સામે દીકરીનું સુરક્ષા કવચ એટલે HPV વેક્સિન

## સરકારી સંસ્થાઓમાં વિના મૂલ્યે રસીકરણ અભિયાન શરૂ






સર્વાઈકલ કેન્સર સામે દીકરીનું સુરક્ષા કવચ એટલે HPV વેક્સિન HPV વેક્સિન અત્યારે પ્રાઈવેટ હોસ્પિટલોમાં આપવામાં આવે છે પરંતુ હવે આપણી સરકાર દ્વારા સરકારી સંસ્થાઓમાં વિના મૂલ્ય જે દીકરીનો જન્મ તારીખ 1-1-2011 થી 29-2-2012 સુધીમાં થયો હોય એટલે કે જે દીકરીએ પોતાનો 14મો જન્મ દિવસ ઉજવ્યો હોય અને 15 મો જન્મદિવસ બાકી હોય તેવી તમામ દીકરીઓને આ રસી વિના મૂલ્ય આપવામાં આવશે તો મારી સમગ્ર લોકોને અપીલ છે કે જો પોતાની દીકરીને આ રસી આપવા માટે સમજાવવામાં આવે તો અપાવજો જરૂર જેથી આપણી દીકરીને ભવિષ્યમાં સર્વાઈકલ કેન્સર થવાના જોખમ થી બચાવી શકાય માટે આપણે સૌ જાગૃત બનીએ અને આ રસીકરણ અભિયાન માં સહભાગી બનીએ

લી. જાગૃતભાઈ આર ચૌહાણ
તાલુકા નોડલ કોમ્યુનિટી હેલ્થ ઓફિસર સાવરકુંડલા

તારીખ : 18/03/2026

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...





## ગુજરાત સરકારની અકસ્માત વિમા યોજના

**અકસ્માતના પ્રથમ 48 કલાક દરમિયાન ઓપરેશન જેવા કે બાઈક એકસીડન્ટ, બાઈક સ્લીપ થવી, ગાડી દ્વારા અકસ્માત થવો જેવા કોઈપણ રોડની અંદર થતા એકસીડન્ટ**

# મફતમાં કરી આપવામાં આવશે.

# શિવમ્

## ઓર્થોપેડીક એન્ડ ગાયનેક હોસ્પિટલ

**૨૪ કલાક ઈમરજન્સી સારવાર**

ડોકટર હાઉસ, રામદર્શન કોમ્પ્લેક્ષ, કે.કે. હોસ્પિટલ સામે, સાવરકુંડલા.
ફોન : ૦૨૮૪૫ - ૨૩૫૫૦૪, મો. ૯૮૭૯૭ ૩૪૮૧૧

## ઉપલબ્ધ સુવિધાઓ

### ડૉ. ચિરાગ પરમાર

M.S. (Ortho.)

(ભૂતપૂર્વ ઓર્થો. સર્જન, ઈરવીન હોસ્પિટલ, જામનગર)

**આધુનિક ઓર્થોપેડીક સેન્ટર કે જ્યાં**

✻ અત્યાધુનિક ટ્રોમા કેર સેન્ટર જેમાં...
✻ અત્યાધુનિક ઓપરેશન થિએટર IITV સાથે
✻ દરેક પ્રકારના ફ્રેકચર અને અકસ્માત કેસની સારવાર
✻ ક્લોઝ નેઈલીંગ સેન્ટર (Nailing)
✻ ઓપન ઈન્જરી (ખુલ્લા ઘા ની સારવાર)
✻ સાંધા બદલવાની શસ્ત્રક્રિયા
✻ દરેક પ્રકારના હાડકાને લગતા રોગો જેવા કે
✻ સાંધાનો દુઃખાવો, સ્નાયુનો દુઃખાવો, વા, સંધિવા
✻ બાળકોમાં થતી જન્મજાત ખોડખાંપણ
✻ સેરેબ્રલ પાલ્સી તથા મણકા (Spine) ના રોગોનું નિદાન તથા સારવાર
✻ એક્સ-રે સુવિધા - મેડીકલ સુવિધા ઉપલબ્ધ
✻ MLC (પોલીસ કેસ લેવામાં આવશે.)

### ડૉ. વૈભવી પરમાર

M.S. (ગાયનેક)સ્ત્રીરોગ અને પ્રસુતિના નિષ્ણાંત

(ભૂતપૂર્વ ગાયનેકોલોજીસ્ટ : સિવિલ હોસ્પિટલ, અમદાવાદ)

**આધુનિક ગાયનેક સેન્ટર કે જ્યાં**

✻ ૨૭ કલાક સોનોગ્રાફી થા ઈમરજન્સી સુવિધા ઉપલબ્ધ.
✻ TAS/TVS સોનોગ્રાફી સુવિધા ઉપલબ્ધ.
✻ સ્રીરોગ નિદાન અને સારવાર.
✻ અત્યાધુનિક પ્રસુતિગૃહ.
✻ જોખમી પ્રસુતિ માટે સવિશેષ સુવિધા.
✻ કુટુંબ નિયોજન કેન્દ્ર.
✻ વ્યંધત્વ નિવારણ કેન્દ્ર (Infertility Clinic) તેમજ કૃત્રિમ વિર્યદાન (Intera Uterine Insemination)સુવિધા ઉપલબ્ધ.
✻ ગર્ભાશયની કોથળી કાઢવાનું ટાંકાવાળુ તથા ટાંકા વગરનું ઓપરેશનની સુવિધા.
✻ કેન્સર નિદાન ✻ ગુપ્તરોગ (સ્ત્રી / પુરૂષ) નિદાન અને સારવાર
✻ એપોઈન્ટમેન્ટ અગાઉથી લઈ લેવી.

કે.ડી. NEWS

તારીખ : 18/03/2026

# મોંઘીબા મહિલા કૉલેજ-અમરેલી ખાતે ૩૫ મા વાર્ષિકોત્સવ -"કલરવ"ની ભવ્ય ઉજવણી થઈ




શ્રી અમરેલી જિલ્લા વિદ્યાસભા સંચાલિત માતુશ્રી મોંઘીબા મહિલા આર્ટ્સ કૉલેજ, અમરેલી ખાતે તા.14/03/2026 ના રોજ 'કલરવ' નામે ૩૫મો વાર્ષિકોત્સવ ઉજવવામાં આવ્યો. આ પ્રસંગે વર્ષ દરમિયાન વિવિધ ક્ષેત્રોમાં શ્રેષ્ઠ પ્રદર્શન કરનાર વિદ્યાર્થિનીઓનું સન્માન, રંગારંગ સાંસ્કૃતિક કાર્યક્રમો તેમજ અંતિમ વર્ષમાં અભ્યાસ કરતી વિદ્યાર્થિનીઓને ઉજ્જવળ ભવિષ્યની શુભકામનાઓ સાથે વિદાય આપવા માટે ત્રિવિધ સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં અધ્યક્ષ તરીકે અમરેલી જિલ્લા વિદ્યાસભાના ઉપપ્રમુખ શ્રી હેમેન્દ્રભાઈ મહેતા ઉપસ્થિત રહ્યા હતા. ઉપરાંત અતિથિ વિશેષ તરીકે અમરેલી જિલ્લા વિદ્યાસભાના મંત્રીશ્રી ચતુરભાઈ ખૂંટ, કેમ્પ ડાયરેક્ટર શ્રી વસંતભાઈ પેથાણી, પૂર્વ ઈન્સાર્જ પ્રિન્સિપાલ ડૉ. જી.વી. વેલિયત સાહેબની વિશેષ ઉપસ્થિતિ રહી હતી. સમગ્ર સ્ટાફ મેમ્બર્સ, વાલીગણ, ભૂતપૂર્વ વિદ્યાર્થી તથા વર્તમાન વિદ્યાર્થીઓની પ્રેરણાદાયી ઉપસ્થિતિથી કાર્યક્રમને ગૌરવ પ્રાપ્ત થયું હતું. કાર્યક્રમનો શુભારંભ સમૂહ પ્રાર્થના અને દીપ પ્રાગટ્યથી કરવામાં આવ્યો. ત્યારબાદ ઈન્ચાર્જ પ્રિન્સિપાલ ડૉ.વિલાસબેન સોરઠિયાએ મહેમાનનોનું શાબ્દિક સ્વાગત તથા પ્રાસંગિક ઉદ્બોધન કર્યું. મહાનુભાવોએ પોતાના પ્રેરણાદાયી ઉદ્દબોધનો દ્વારા વિદ્યાર્થિનીઓને જીવનમાં સદાય પ્રગતિના માર્ગે આગળ વધવા માટે પ્રોત્સાહિત કર્યા હતા. કાર્યક્રમના બીજા ચરણમાં વર્ષ દરમિયાન શૈક્ષણિક ક્ષેત્રે, રમતગમત, N.C.C., N.S.S. તેમજ સાંસ્કૃતિક પ્રવૃત્તિઓમાં શ્રેષ્ઠ સિદ્ધિ મેળવનાર 95 વિદ્યાર્થિનીઓનું બહુમાન અને પુરસ્કાર વિતરણ કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થિનીઓએ ઉત્સાહપૂર્વક વિવિધ રંગારંગ સાંસ્કૃતિક કાર્યક્રમો રજૂ કરીને સમગ્ર કાર્યક્રમમાં આનંદમય વાતાવરણ સર્જ્યું હતું. કાર્યક્રમના અંતિમ તબક્કામાં અંતિમ વર્ષમાં અભ્યાસ કરતી વિદ્યાર્થિનીઓને પોતાના પ્રતિભાવો રજૂ કર્યા હતા. અંતે શ્રી હેમેન્દ્રભાઈ મહેતાએ પોતાના અધ્યક્ષીય ઉદ્બોધનમાં વિદાય લઈ રહેલ વિદ્યાર્થિની બહેનોને શુભકામનાઓ પાઠવી હતી અને વિદ્યાર્થિનીઓને જીવનમાં સદાચાર, સંસ્કાર અને પરિશ્રમના માર્ગે આગળ વધીને સમાજ અને રાષ્ટ્રનું ગૌરવ વધારવા માટે પ્રેરણા આપી હતી. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન ગુજરાતી વિભાગના અધ્યક્ષા ડૉ. નિરૂપા ટાંક અને S.Y.B.A.ની વિદ્યાર્થિની ચાવડા ધર્મિષ્ઠાએ સાથે મળીને કર્યું હતું. કાર્યક્રમના અંતે આભાર દર્શન ડૉ.અરવિંદકુમાર ઉપાધ્યાય દ્વારા કરવામાં આવેલ. આ સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવામાં કૉલેજના ઈન્ચાર્જ પ્રિન્સિપાલ, સમગ્ર સ્ટાફ મેમ્બર્સ અને વિદ્યાર્થિની બહેનોનો ખૂબ મોટો ફાળો રહ્યો હતો.આ રીતે ઉત્સાહ અને આનંદભર્યા માહોલમાં યોજાયેલો આ ત્રિવિધ સમારોહ સફળતાપૂર્વક સંપન્ન થયો હતો.



નો નેગેટીવ ન્યુઝ
કે.ડી. NEWS
તારીખ : 18/03/2026
SINCE 1923 KD NEWS PAPER
Join us on :
કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# ઇલેક્ટ્રોનિક વજન કાંટાના મોડેલ એપ્રુવલ કરાવવા માટે અને રજી. ટ્રેડમાર્કના કામ માટે સંપર્ક કરો.

-: સંપર્ક :-
મો. 83207 54879

તારીખ : 18/03/2026

# મિશન લાઈફ (LIFE) અંતર્ગત પર્યાવરણ સંરક્ષણ, સ્વસ્થ જીવનશૈલી અને ક્લાઈમેટ ચેન્જ અંગે જાગૃત્તિ લાવવા વોકેથોન યોજાઈ







અમરેલી તા. ૧૮ માર્ચ, ૨૦૨૬ (બુધવાર) - અમરેલી જિલ્લામાં ક્લાઈમેટ ચેન્જની અસર ઘટાડવા માટે અને તેની જન-જાગૃત્તિના પ્રચાર પ્રસાર હેતુથી મિશન લાઈફ (LIFE) અંતર્ગત નોડલ અધિકારીશ્રી, નાયબ જિલ્લા વિકાસ અધિકારીશ્રી (મહેસૂલ)ના માર્ગદર્શન હેઠળ અમરેલી શહેરમાં વોકેથોન રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમ દ્વારા પર્યાવરણ સંરક્ષણ, સ્વસ્થ જીવનશૈલી અને ક્લાઈમેટ ચેન્જ અંગે જાગૃત્તિ લાવવા માટે મહત્ત્વનો સંદેશ આપવામાં આવ્યો હતો.

આ રેલીનો પ્રારંભ સરદાર પટેલ રમત સંકુલ, ચિત્તલ રોડથી થયો હતો, જે રાજકમલ ચોક થઈ અને પરત સ્પોર્ટ્સ સંકુલ ફરી હતી.

રેલીમાં પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓ, હાઈસ્કૂલના વિદ્યાર્થીઓ, વિવિધ સ્વૈચ્છિક સંસ્થાઓના સભ્યો, ડિસ્ટ્રીક્ટ લેવલ સ્પોર્ટ્સ સ્કૂલ (ડી.એલ.એસ.એસ)ના ખેલાડીઓ, વિવિધ રમતના કોચ અને ટ્રેનરો સહિત ૫૦૦ જેટલા લોકોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો તેમ અમરેલી જિલ્લા રમત વિકાસ અધિકારીશ્રી એ એક યાદીમાં જણાવ્યું હતું.





કે.ડી. NEWS

તારીખ : 18/03/2026

# ખાંભા માં વિના મુલ્યે લેબોરેટરી ટેસ્ટ / રિપોર્ટ કેમ્પ નુ આયોજન...

ખાંભા માં પ્રથમ વખત સલીમભાઈ બોઘાણી - ખાંભા હાલ અમેરિકા વાળા ના આર્થિક સહકાર થી અત્રે ની સેવાભાવી સંસ્થા સેવાયજ્ઞ ગ્રુપ ખાંભા દ્વારા ખાંભા ના આર્થિક નબળા પરિવાર માટે અમુક રોગો ની એડવાન્સ ખબર પડે તે માટે 20 વર્ષ થી 50 વર્ષ સુધી ના ભાઈ ઓ બહેનો માટે વિના મુલ્યે (મફત) લેબોરેટરી ટેસ્ટ /રિપોર્ટ કેમ્પ નુ સુંદર આયોજન આગામી તા 29.3.2026 રવિવાર ના રોજ અત્રે ના સહજાનંદ ગુરુકુળ ખાતે રાખેલ છે જેમાં ડાયાબિટીસ,લીવર

કિડની,કોલોસ્ટોન યુરિક એસિડ જેવા 30 ટેસ્ટ રિપોર્ટ કરી આપવા માં આવશે કેમ્પ ના શુભારંભ પ્રસંગે પ. પૂ.વિષ્ણુ સ્વામી, સાંસદ શ્રી ભરતભાઈ સુતરીયા,ખાંભા ધારાસભ્ય શ્રી જે. વી. કાકડીયા, જિલ્લા ભાજપ પ્રમુખશ્રી અતુલભાઈ કાનાણી, મેડીકલ ઓફિસર શ્રી પુનિત સા. મહેતા તથા સ્થાનિક પદાધિકારીશ્રીઓ તથા અગ્રણીશ્રીઓ ઉપસ્થિત રહેશે.કેમ્પ ને સફળ બનાવવા મેનેજમેન્ટ વિભાગ ના શ્રી રાજુભાઈ હરિયાણી એડવોકેટે શ્રી તથા સેવાયજ્ઞ ગ્રુપ ના પ્રમુખ અભિ હરિયાણી તથા ગ્રુપ ના તમામ સભ્યો જહેમત ઉઠાવી રહ્યા છે.

કે.ડી NEWS
તારીખ : 18/03/2026

# દામનગર પંથકમાં ગરીબ પરિવારોને દહીંથરાના ખેડૂતે ચપ્પલનું વિતરણ કર્યું...



અમરેલી જિલ્લાના દામનગર પંથકના ગ્રામ્ય વિસ્તારોમાં માનવતાનું સુંદર ઉદાહરણ પૂરું પાડતા દહીંથરા ગામના સામાન્ય ખેડૂત પરિવારના છગનભાઈ વલ્લભભાઈ વાવીયાના પ્રયાસોથી જરૂરિયાતમંદ શ્રમિક પરિવારો માટે ચપ્પલ વિતરણ કરવામાં આવ્યું હતું. જેમાં દહીંથરા, મેથળી, કાચરડી સહિત આસપાસના વિસ્તારોમાં ચાલતા સ્ટોનક્રશર ઉદ્યોગોમાં કામ કરતા શ્રમિક પરિવારો તથા દૂરના વેરાન રેવન્યુ વિસ્તારોમાં ખેતીવાડી કામ કરતા ભાગીયા અને ગરીબ પરિવારોને મોટી સંખ્યામાં પગરખાં વિતરણ કરવામાં આવ્યા હતા.મૂળ દહીંથરા ગામના અને હાલ મુંબઈ સ્થાયી થયેલા પરોપકારી સી.વી. પટેલની પ્રેરણાથી આ સેવાકાર્ય હાથ ધરાયું હતું.

ઉનાળાની કડક ગરમીમાં બળબળતા તાપ વચ્ચે પણ તેઓ રીક્ષા ભરીને વિવિધ ગામોમાં પહોંચી જરૂરિયાતમંદ નાના-મોટા સૌને ચપ્પલ પહેરાવી માનવતાની સુગંધ ફેલાવી રહ્યા છે.

દામનગર પંથકના ગ્રામ્ય અને રેવન્યુ વિસ્તારોમાં રહેતા ગરીબ અને શ્રમિક પરિવારોને ઘરઆંગણે જ પગરખાં મળી રહેતા લોકોમાં ખુશીની લાગણી જોવા મળી હતી.

કે.ડી. NEWS

તારીખ : 18/03/2026

# સાવરકુંડલામાં જીવદયાનો અનોખો યજ્ઞ: અબોલ પક્ષીઓની તરસ છિપાવવા ૧૦૦૦થી વધુ માટીના કુંડાનું વિતરણ

## માનવતાની મિશાલ: ઓમકાર કેળવણી ટ્રસ્ટ દ્વારા ઉનાળાની કાળઝાળ ગરમીમાં પક્ષીઓ માટે શરૂ કરાઈ સેવાની સરવાણી

## મૂળરાજ ધરમશી નેણશી વિદ્યાલયના વિદ્યાર્થીઓ અને દાતાઓના સહયોગથી શહેર અને ગ્રામ્ય વિસ્તારમાં કરાયેલું ભગીરથ કાર્ય










સાવરકુંડલા:કાળઝાળ ઉનાળાની શરૂઆત થતા જ જ્યારે આકાશમાંથી અગનગોળા વરસતા હોય છે, ત્યારે માનવી તો પોતાની તરસ ગમે ત્યાંથી છિપાવી લે છે, પરંતુ આકરી ગરમીમાં અબોલ પક્ષીઓ માટે પીવાનું પાણી મેળવવું અત્યંત મુશ્કેલ બની જતું હોય છે. પક્ષીઓની આ વેદનાને સમજીને સાવરકુંડલાના ઓમકાર કેળવણી ટ્રસ્ટ સંચાલિત મૂળરાજ ધરમશી નેણશી વિદ્યાલય દ્વારા એક અત્યંત પ્રશંસનીય અને અનોખી પહેલ કરવામાં આવી છે. સંસ્થા દ્વારા સતત ચોથા વર્ષે પક્ષીઓ માટે માટીના કુંડાનું વિનામૂલ્યે વિતરણ કરી સાચા અર્થમાં જીવદયાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું છે.આ વર્ષે પણ શાળાના વિદ્યાર્થીઓ દ્વારા સાવરકુંડલા શહેરના વિવિધ રાજમાર્ગો તેમજ આસપાસના ગ્રામ્ય પંથકમાં ૧૦૦૦થી વધુ માટીના કુંડાનું વિતરણ કરવામાં આવ્યું છે. આ ઉમદા કાર્યમાં શ્રી દિનેશભાઈ દાવડા અને શ્રી પ્રો. કે.કે. જાની સાહેબનો નિ:સ્વાર્થ આર્થિક સહયોગ સાંપડ્યો છે, જેમના સહકારથી આ ભગીરથ કાર્ય શક્ય બન્યું છે.આ વિદ્યાલયના સંચાલક શ્રી પ્રો કે કે જાની સાહેબએ આ પ્રસંગે હૃદયસ્પર્શી અપીલ કરતા જણાવ્યું હતું કે, "પક્ષીઓ આપણા પર્યાવરણનું અભિન્ન અંગ છે અને તેમની રક્ષા કરવી એ આપણી નૈતિક ફરજ છે. સમાજના તમામ લોકોએ આ કાર્યમાંથી પ્રેરણા લઈ પોતપોતાના સ્તરે જીવદયાના કામમાં આગળ આવવું જોઈએ. જો દરેક નાગરિક પોતાના ઘરની અગાશી, બારી કે આંગણામાં માત્ર એક કુંડું રાખશે, તો સેંકડો અબોલ જીવોના પ્રાણ બચાવી શકાશે."આ શાળાના ભૂલકાઓ પોતે આ વિતરણ વ્યવસ્થામાં જોડાઈને નાનપણથી જ જીવદયા અને પર્યાવરણ જતનના પાઠ શીખ્યા હતા. આ પ્રવૃત્તિ માત્ર શહેર પૂરતી સીમિત ન રહેતા, ગ્રામ્ય વિસ્તારના પશુ-પક્ષી પ્રેમીઓ સુધી પણ કુંડા પહોંચાડવામાં આવ્યા છે. અને ભીષણ ગરમીમાં પક્ષીઓને પાણી મળી રહે તે માટે આયોજિત આ કાર્યક્રમ એક જન-આંદોલન બની રહ્યો છે. નાગરિકોને નમ્ર અપીલ છે કે જે કોઈ ધર્મપ્રેમી જનતા કે પક્ષી પ્રેમીઓ પોતાના વિસ્તાર માટે માટીના કુંડા મેળવવા ઈચ્છતા હોય, તેઓ સંસ્થાના સંપર્ક નંબર 99797 41061 પર ફોન કરીને વિનામૂલ્યે કુંડા મેળવી શકે છે.

કે.ડી NEWS
તારીખ : 18/03/2026

# ટ્રાન્સપોર્ટ વાહનની સીરિઝ GJ 14 AT Z 0001-9999 માટે અમરેલી એ.આર.ટી.ઓ દ્વારા ઈ-ઓકશન પ્રક્રિયા યોજાશે

અમરેલી, તા.૧૭ માર્ચ (મંગળવાર) - અમરેલી એ.આર.ટી.ઓ. દ્વારા ટ્રાન્સપોર્ટ વાહનની નવી સિરીઝ GJ 14 AT Z 0001-9999 ઈ-ઓકશન પ્રક્રિયા હાથ ધરવામાં આવશે. ઈ-ઓકશન માટે ઓનલાઈન અરજી તા. ૧૮ માર્ચ, ૨૦૨૬ના રોજ સાંજે ૦૪ વાગ્યાથી તા.૨૦ માર્ચ, ૨૦૨૬ના સાંજે ૪ વાગ્યા સુધીમાં થઈ શકશે. બિડિંગ સમયગાળો તા.૨૦ માર્ચ, ૨૦૨૬ સાંજે ૦૪ કલાકથી તા.૨૨ માર્ચ, ૨૦૨૬ સાંજે ૦૪ કલાક સુધી રહેશે. ઈ-ઓકશનનું પરિણામ તા.૨૨ માર્ચ, ૨૦૨૬ એ જાહેર થશે. ઓનલાઈન ઈ-ઓકશનમાં ભાગ લેવા માટે અરજદારે h t t p : / / parivahan. gov.in/ parivahan/ પર નોંધણી, યુઝર આઈ.ડી.પાસવર્ડ તૈયાર કરવા અને હરાજી,ચૂકવણું કરવું, વાહન નંબર મેળવવા સહિતની પ્રક્રિયામાં ભાગ લેવાનો રહેશે. વાહન ખરીદીના સાત દિવસની અંદર ઓનલાઈન સી.એન.એ. ફોર્મ ભરવાનું રહેશે. અરજદારે અરજી પ્રક્રિયા પૂર્ણ થયાના પાંચ દિવસમાં નાણા જમા કરાવવા. અરજદાર જો નિયત સમય મર્યાદામાં નાણાં ચૂકવવામાં નિષ્ફળ જાય તો મૂળ ભરેલી રકમને જપ્ત કરી ફરીવાર હરાજી કરવાની રહેશે. આર.બી.આઈ. દ્વારા નક્કી કરવામાં આવેલા દરે ઓનલાઈન ઈ-ઓકશનમાં, અરજદારે ચાર્જ ચૂકવવાનો રહેશે. હરાજીની પ્રક્રિયામાં સફળ થયેલા અરજદારને સફળ ગણી બાકીના નાણાં દિન-૫ (પાંચ) માં ભરપાઈ કરવા માટે એસ.એમ.એસ. કે ઈ-મેઈલથી જણાવવામાં આવશે. હાલની મેન્યુઅલ પદ્ધતિ પ્રમાણે નાણા પરત કરવાના રહેશે એટલે કે નેટ બેંકિંગ, ક્રેડિટ કાર્ડ, ડેબિટ કાર્ડથી રકમનું ચૂકવણું કર્યું હોય તે જ મોડથી નાણાં અરજદારના એમ.આઈ. એસ.થી સફળ અને નિષ્ફળ વ્યવહારની ખાતરી કરી તે અંગેની જાણ બેંકને કરવી. ઈ-ઓકશનમાં ભાગ લેવા માટેનો વીડિયો યુ ટ્યુબમાં ઈ-ઓકશન, આર.ટી.ઓ ગુજરાત સર્ચ કરવાથી મેળવી શકાશે. ઈનવોઈસ અથવા વિમાની તારીખ બેમાંથી જે વહેલા હોય તે તારીખથી સાત દિવસ થતા હોય તેવા વાહન માલિકો જ ઓકશનમાં ભાગ લઈ શકશે તેમ, અમરેલી સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીશ્રીએ એક યાદીમાં જણાવ્યું છે.

કે.ડી. NEWS
તારીખ : 18/03/2026

# જિલ્લા પંચાયત અમરેલી હસ્તકના આયુર્વેદ આયુષ્માન આરોગ્ય મંદિરોમાં યોગ ઈન્સ્ટ્રક્ટરની કરાર આધારિત ભરતી

## નિયત લાયકાત ધરાવતા ૦૫ પુરૂષ અને ૦૫ મહિલા યોગ ઈન્સ્ટ્રક્ટરની આવશ્યકતા

અમરેલી તા. ૧૭ માર્ચ, ૨૦૨૬ (મંગળવાર) - અમરેલી જિલ્લા પંચાયત આયુર્વેદ શાખા હસ્તકના આયુષ્માન આરોગ્ય મંદિરોમાં મહિલા અને પુરૂષ યોગ ઈન્સ્ટ્રક્ટરની કરાર આધારિત ભરતી કરવામાં આવશે. ૧૧ માસ માટે પાર્ટટાઈમ કરાર આધારિત સેન્ટરદીઠ એક પુરૂષ ઉમેદવારોની ૧. નડાળા, ૨. સરસિયા, ૩.જુના વઘાનિયા, ૪. અનીડા, ૫. કડિયાળી માટે આવશ્યકતા છે. આ જગ્યા પર કલાકના રૂ. ૨૫૦ લેખે મહત્તમ ૩૨ કલાકના માસિક રૂ. ૮,૦૦૦ વેતન આપવામાં આવશે. જ્યારે મહિલા યોગ યોગ ઈન્સ્ટ્રક્ટરની પાર્ટટાઈમ કરાર આધારિત ભરતી ૧. ચાડિયા, ૨. જુના વઘાનિયા, ૩. અનીડા, ૪. પટવા, ૫.પીઠવડી સેન્ટર માટે ૦૧ કલાકના રૂ. ૨૫૦ લેખે મહત્તમ ૨૦ કલાકના માસિક રૂ.૫,૦૦૦ લેખે ૫ મહિલા યોગ ઈન્સ્ટ્રક્ટરની આવશ્યકતા છે. ઉમેદવારો સરકાર માન્ય સંસ્થા કે યુનિવર્સિટી અથવા ગુજરાત રાજ્ય યોગ બોર્ડ, ગાંધીનગર દ્વારા યોગ વિષય સાથે પ્રાપ્ત કરેલ ડિગ્રી, ડિપ્લોમા, સર્ટિફિકીટની લાયકાત ધરાવતા હોવા જોઈએ. માન્ય લાયકાત ધરાવતા ઉમેદવારોએ પોતાના ઓરિજનલ પ્રમાણપત્રો, રહેણાક-ઓળખના પુરાવા અને તેની સ્વ-પ્રમાણિત નકકલ સાથે દર ગુરૂવારે યોજનાર ભરતી કેમ્પમાં સવારે ૧૧.૦૦ થી ૧.૦૦ કલાક દરમિયાન આયુર્વેદ શાખા, જિલ્લા પંચાયત, અમરેલી ખાતે વોક ઈન ઈન્ટરવ્યુ માટે સ્વખર્ચે ઉપસ્થિત રહેવાનું રહેશે. આ ભરતી કેમ્પ જ્યાં સુધી જગ્યા ખાલી હશે ત્યાં સુધી યોજાશે.

ઉમેદવારની પસંદગી સમિતિએ નક્કી કરેલા મેરિટના ધોરણે કરવામાં આવશે, જેમાં માન્ય યોગ વિષય સાથે પ્રાપ્ત કરેલી ડિગ્રી, ડિપ્લોમા, સર્ટિફિકેટ ધરાવતા ઉમેદવારોને પ્રાધાન્ય આપવામાં આવશે. આ ભરતી બાબતના તમામ અધિકારો સમિતિને બાધિત રહેશે તેમ અમરેલી જિલ્લા આયુર્વેદ અધિકારીશ્રી એ એક યાદીમાં જણાવ્યું છે.

કે.ડી. NEWS

તારીખ : 18/03/2026

# કુંકાવાવ-વડીયા તાલુકાના ૪૫ ગામડાઓમાં એકસાથે "જળસંચય અભિયાન"નો પ્રારંભ : તળાવ ઊંડા ઉતારવાની કામગીરીનું ખાતમુહૂર્ત સંપન્ન

## "જંગર બન્યું ગુજરાતનું નવું 'સોલાર વિલેજ' : ૧૦૦% ઘર સૂર્યઉર્જાથી ઝળહળ્યા"

અમરેલી તા. ૧૭ માર્ચ,૨૦૨૬ (મંગળવાર) – વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના દ્રષ્ટિવંત નેતૃત્વ અને માર્ગદર્શન હેઠળ સમગ્ર રાજ્યમાં રાજ્ય સરકારના ભગીરથ સફળ પ્રયત્નો થકી સતત અને અવિરત જળ સંચય અભિયાન આગળ ધપી રહ્યું છે. જનભાગીદારી થકી ગ્રામ્ય કક્ષાએ જળસંરક્ષણ માટે ભગીરથ કાર્યો હાથ ધરવામાં આવ્યા છે. આજરોજ કુંકાવાવના જંગર મુકામે ઊર્જા રાજ્યમંત્રીશ્રી કૌશિકભાઈ વેકરીયાના અધ્યક્ષસ્થાને ૧૦૦ ટકા વીજળીમુક્ત - સોલાર વિલેજ, ગ્રામ્ય મોડેલ તળાવ લોકાર્પણ તથા 'જળ સંમેલન' કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં રાજુલા-જાફરાબાદના ધારાસભ્યશ્રી હિરાભાઈ સોલંકી પણ ઉપસ્થિત રહ્યા હતા. ઉલ્લેખનીય છે કે, ઊર્જા રાજ્યમંત્રીશ્રી કૌશિકભાઈ વેકરીયાના હસ્તે ૪૫ ગામના તળાવો ઊંડા ઉતારવાની કામગીરીનું સંયુક્ત ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. કુલ ૪૫ હીટાચી મશીનની ફાળવણી કરવામાં આવી હતી. જંગર ગામ કેન્દ્ર સરકારની પ્રધાનમંત્રી સૂર્યઘર મફત વીજળી યોજના અને ગામના દાતાશ્રીઓના સંયુક્ત સહયોગથી ૧૦૦ ટકા વીજળીમુક્ત ગામ બન્યું છે. દરેક ઘર પર સોલાર ઈન્સ્ટોલેશન કામગીરી પૂર્ણ કરવામાં આવી છે. જેમાં ગામના દાતા અને વતનના રતન એવાં શ્રી રવજીભાઈ પી. વસાણી ગૃપ (અમદાવાદ) પરિવારનો ખૂબ મોટો સહયોગ છે. રાજ્યમંત્રીશ્રીએ મોડેલ સોલાર વિલેજ અને મોડેલ તળાવનું લોકાર્પણ કર્યું હતું. આ તકે ઊર્જા રાજ્યમંત્રી શ્રી કૌશિકભાઈ વેકરીયાએ જણાવ્યું કે, આપણે આપણાં વર્તમાનની સાથે ભવિષ્યની પેઢીઓને સુરક્ષિત બનાવવી છે. જળ સંરક્ષણના કાર્યો આપણી આગામી પેઢીઓને સુરક્ષિત બનાવશે, ખેડૂતોને ફાયદો થશે. રાજ્ય સરકાર દ્વારા અમરેલી જિલ્લાને અનેક વિકાસકાર્યોની ભેટ આપવામાં આવી છે. આજે સમગ્ર જિલ્લામાં ચારેદિશામાં રોડ-રસ્તા, આંગણવાડી, પ્રાથમિક શાળાઓના બિલ્ડિંગના બાંધકામની કામગીરી, જળસંચયના વિકાસકામો તેજ ગતિએ આગળ ધપી રહ્યા છે. જિલ્લાના 'સર્વાંગી વિકાસ'ની નેમને સાકાર કરવાનો ભગીરથ સંકલ્પ સિદ્ધ કરવો છે.

તેમણે અનેકવિધ વિકાસકાર્યોની ભેટ બદલ રાજ્ય સરકારનો ધન્યવાદ કર્યો હતો. જંગર મુકામે સોલાર વિલેજ, ગ્રામ્ય તળાવ લોકાર્પણ તથા 'જળ સંમેલન' કાર્યક્રમમાં કુંકાવાવ-વડીયા તાલુકા પંચાયત પ્રમુખશ્રી સહિતના હોદ્દેદારો, અમરેલી જિલ્લાના રાજકીય આગેવાનો, હોદ્દેદારો, જિલ્લા પંચાયત પૂર્વ પ્રમુખ શ્રી સુરેશભાઈ પાથર, ગીરગંગા પરિવાર ટ્રસ્ટના પ્રમુખ શ્રી દિલીપભાઈ સખીયા, અમરેલી માર્કેટિંગ યાર્ડના પૂર્વ ચેરમેન શ્રી પી.પી.સોજીત્રા, જંગર ગામના સન્માનનીય દાતાશ્રીઓ, સ્થાનિક આગોવાનો, ૪૫ ગામના સરપંચશ્રીઓ, પી.જી.વી.સી.એલ એમ.ડી શ્રી જોષી, જિલ્લા કલેક્ટર શ્રી વિકલ્પ ભારદ્વાજ, જિલ્લા વિકાસ અધિકારી શ્રી પરિમલ પંડ્યા, પી.જી.વી.સી.એલ અધિકારીશ્રીઓ, કર્મચારી શ્રીઓ, અન્ય પદાધિકારીશ્રી-અધિકારીશ્રીઓ, બહોળી સંખ્યામાં નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા.

## ઊર્જા રાજ્યમંત્રીશ્રી કૌશિકભાઈ વેકરીયાના અધ્યક્ષસ્થાને જંગર મુકામે સોલાર વિલેજ, ગ્રામ્ય તળાવ લોકાર્પણ તથા 'જળ સંમેલન' કાર્યક્રમ યોજાયો

કે.ડી. NEWS
તારીખ : 18/03/2026

# ૧૮ થી ૨૧ માર્ચ દરમિયાન જિલ્લામાં કમોસમી વરસાદની આગાહી

અમરેલી તા. ૧૭ માર્ચ, ૨૦૨૬ (મંગળવાર) - હવામાન વિભાગની આગાહી મુજબ ગુજરાત રાજ્યના અમરેલી જિલ્લામાં છૂટાછવાયા સ્થળોએ ગાજવીજ સાથે હળવાથી મધ્યમ વરસાદ થવાની સંભાવના વ્યક્ત કરવામાં આવી છે. આ સંજોગોમાં વાદળછાયું વાતાવરણ તથા સંભવિત વરસાદને કારણે પાકને નુકસાન થવાની શક્યતા હોવાથી રાજ્યના ખેડૂત મિત્રોને પાક સંરક્ષણ માટે આગોતરી તકેદારી રાખવા અનુરોધ કરવામાં આવ્યો છે. ખેતરમાં કાપણી કરેલ અથવા ખુલ્લામાં રહેલ ખેત ઉત્પાદનને તાત્કાલિક સલામત સ્થળે ખસેડવા અથવા પ્લાસ્ટિક કે તાડપત્રીથી યોગ્ય રીતે ઢાંકી દેવા તેમજ ઢગલાની આસપાસ માટીનાં પાળા બનાવી વરસાદી પાણી ઢગલાની નીચે ન જાય તે રીતે વ્યવસ્થા કરવા જણાવવામાં આવે છે. આ સમયગાળા દરમિયાન જંતુનાશક દવાઓ તથા ખાતરનો ઉપયોગ ટાળવા તેમજ ખાતર અને બિયારણનો જથ્થો પલળી ન જાય તે રીતે સુરક્ષિત સ્થળે સંગ્રહિત રાખવા અનુરોધ કરવામાં આવે છે. સાથે જ એ.પી.એમ.સી.માં વેપારી તથા ખેડૂત મિત્રોએ આગોતરા સાવચેતી રાખી અનાજ અને ખેત પેદાશોને ઢાંકીને અથવા શેડ હેઠળ સુરક્ષિત રાખવા જણાવાયું છે. સંભવ હોય ત્યાં સુધી આ દિવસોમાં એ.પી.એમ.સી.માં વેચાણ અર્થે પેદાશ લાવવાનું ટાળવા અથવા સંપૂર્ણ સુરક્ષા સાથે લાવવાની સૂચના આપવામાં આવે છે. આ અંગે વધુ માહિતી માટે આપના વિસ્તારના ગ્રામસેવક, વિસ્તરણ અધિકારી, તાલુકા અમલીકરણ અધિકારી, મદદનીશ ખેતી નિયામક (તા.મુ.), જિલ્લા ખેતીવાડી અધિકારીશ્રી, નાયબ ખેતી નિયામકશ્રી (તાલીમ), કૃષિ વિજ્ઞાન કેન્દ્ર (KVK) અથવા કિસાન કોલ સેન્ટર ટોલ ફ્રી નંબર ૧૮૦૦ ૧૮૦ ૧૫૫૧ પર સંપર્ક કરવા જિલ્લા ખેતીવાડી અધિકારીશ્રી, અમરેલીએ એક યાદીમાં જણાવ્યું છે.

## ખેડૂતોને જરૂરી તકેદારી રાખવા અનુરોધ
## જિલ્લા ખેતીવાડી તંત્રનો અનુરોધ

તારીખ : 18/03/2026

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...


આકર્ષક વેરાયટી




અવનવી ડીઝાઈન

## લગ્નકંકોત્રી

ઓફસેટ પ્રિન્ટીંગ | સ્કીન પ્રિન્ટીંગ | સ્ટીકર પ્રિન્ટીંગ

ચોપાનીયા | વિઝીટીંગ કાર્ડ | ઈન્વીટેશન કાર્ડ

બીલબુક | લેટરપેડ | ડોકટર ફાઈલ

પેસ્ટીંગ + ફ્રેમીંગ સાથે

## બેનર

ફલેક્ષ બેનર | હોર્ડીંગ્સ | વિનાઈલ પ્રિન્ટીંગ | રીક્ષા પોસ્ટર



દરેક સાઈઝની

## નોન વુવન બેગ

વ્યાજબી ભાવે પ્રિન્ટીંગ



પ્રકાશ પ્રિન્ટર્સ™

રાજ દરબારગઢ, સાવરકુંડલા

મો. 94277 42117

તારીખ : 18/03/2026

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...




નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 18/03/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :



કે.ડી. ન્યુઝ વોટસએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...


# HAPPY BIRTHDAY



## હર્ષ મહેશભાઈ બામટા

સાવરકુંડલા

HAPPY BIRTHDAY



ના પ્લેટફોર્મ પર
જ્યાં રિલ્સ નહીં
બ્રાન્ડ બને છે...
અને આપે છે
વ્યુઝની ગેરંટી અને
સફળતાનો ભરોસો
Reactions and plays
1,526
1,23,873
Reactions and plays
1,573
1,22,466
Reactions and plays
821
1,03,175
Vishwa karma Industrials
Reactions and plays
887
1,01,645
Reels
Friends
વિશ્વાસ અને પ્રેમનું
બીજું નામ
Reactions and plays
634
94,382
Reactions and plays
1,149
99,012
આજે જ સંપર્ક કરો
વિડીયો રિલ્સ બનાવવા તેમજ માર્કેટિંગ માટે
9724661561

તારીખ : 18/03/2026

ના નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...


## એનિવર્સરી કેક - બેબીશાવર કેક
## સગાઈ કેક - ફોન્ડન્ટ કેક
## મેક અપ કીટ કેક - ફોટો કેક

## અઢળક કેકની વેરાયટીઓ

અર્જન્ટ કેક બનાવી આપવામાં આવશે.

## New collection

મેરેજ બોક્સ - ડ્રાયફ્રુટ બોક્સ
તેમજ રમકડાં ની અવનવી વેરાયટી

બર્થ ડેડેકોરેશન બેબી શાવર ડેકોરેશ
ની તમામ આઈટમ મળશે

તમને મળશે બધાથી અલગ
અને તે પણ આપના બજેટમાં



## લાઈવ કેક
માટે મુલાકાત લ્યો

સાવરકુંડલામાં કેક તેમજ
ડેકોરેશનનું એકમાત્ર વિશ્વાસ પાત્ર સ્થળ

# નારોલા લાઈવ કેક શોપ

મહુવારોડ, સાવરકુંડલા મો. 88667 59838

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 18/03/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :



કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...


Shree Shivkrupanand Swami
Year2026


Gurutattva

3335
18/03/2026
Wednesday

## आत्मा

'मैं' का भाव हम समर्पित केवल और केवल परमात्मा को ही कर सकते है।

बाबास्वामी
18/3/2026




'Nijdham', Dhyanasthali Gandhinagar, Mahudi Anodiya Road,
Mahudi - 382855, Gandhinagar, Gujarat, India.
Email : swamiji.office@gurutattva.org,
Telegram : t.me/ShreeShivkrupanandSwami Whatsapp : Shivkrupanand Swami

નો નેગેટીવ ન્યુઝ
કે.ડી. NEWS
તારીખ : 18/03/2026
SINCE 1923 KD NEWS PAPER
Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...




શિક્ષક: ગરમીમાં વસ્તુઓનું વિસ્તરણ થાય છે તેનું ઉદાહરણ આપો.

ભૂરોઃ ઠંડીમાં અમારું વેકેશન દસ હોય છે અને તે જ વેકેશન ગરમીના દિવસોમાં વધીને બે મહિનાનું થઈ જાય છે.

તારીખ : 18/03/2026

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# ગુરૂદેવ કહે છે...

નિંદકના જીવનનીસૌથી મોટી કરુણતા એ છે કે એની પાસે રહેલ વાક્પટુતાના કારણે એના પ્રત્યે કેટલાક લોકોનું આકર્ષણ ઊભું પણ રહે છે તો ય એની વિશ્વસનીયતા તો ખતમ થઈને જ રહે છે.




આચાર્ય વિજય રત્નસુંદર સુરિશ્વરજી મહારાજ



તારીખ : 18/03/2026

નો નેગેટીવ ન્યુઝ

કે.ડી. NEWS

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...


# વ્યાપારી માટે




## હોલસેલ ભાવે

નાની-મોટી

## ચીઠ્ઠી બુક

# વિદ્યાર્થીઓ માટે



## રફ ચોપડા

તેમજ

લખવા માટેની **કોરી પસ્તી**

SINCE 1923 KD NEWS PAPER

## દોશી કાંતિલાલ દલીચંદ

દરબાર ગઢ સ્ટ્રીટ, સાવરકુંડલા 9499797973

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 18/03/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...



## શુ તમારે દરરોજ ફ્રેશ પસ્તીનો વપરાશ છે?

કેરી, ફરસાણની દુકાન, રેસ્ટોરેન્ટ તેમજ કરીયાણાની દુકાનના વ્યાપારીઓ માટે ખાસ



# ફ્રેશ પસ્તી




સાવરકુંડલા માટે ફ્રી ડીલેવરી

* મીનીમમ ઓર્ડર 20 કીલો.

ઓર્ડર માટે કોલ કરો

**94997 97973**

વોટ્સઅપથી ઓર્ડર માટે

**CLICK HEAR**

તારીખ : 18/03/2026

# કે.ડી. NEWS

નો નેગેટીવ ન્યુઝ

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# કષ્ટભંજન દેવ હનુમાનજી મહારાજના
# સાળંગપુરના આજના દર્શન



નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 18/03/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

**કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...**


## આપની બ્રાન્ડ નું માર્કેટિંગ કરો
## કે.ડી ન્યૂઝ સાથે...




**સંપર્ક : મો. 9499797973**